ઓલપાડમાં ગેસ કનેક્શન માટે ધક્કા, દાંડી રોડની ગુણવત્તા સામે સવાલ

જિલ્લા સંકલનમાં ઓલપાડના ધારાસભ્ય મુકેશ પટેલ દ્વારા ગુજરાત ગેસના ધાંધિયા સામે સવાલ ઉઠાવાયા

ચોર્યાસીના ધારાસભ્ય સંદીપ દેસાઈએ રેલવેના કબજાનો મુદ્દો રજૂ કર્યો

સુરતઃ સુરત જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની જિલ્લા કલેક્ટર તેજસ પરમારના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી બેઠકમાં ઓલપાડના ધારાસભ્ય મુકેશ પટેલે સુરત-દાંડી રોડની કામગીરી નબળી ગુણવત્તાની થઈ હોવાની રજૂઆત કરી યોગ્ય તપાસ કરાવવાની માગ કરી હતી. સાયણ-જહાંગીરપુરા-ઈચ્છાપોર માર્ગ પર જહાંગીરપુરાથી ઈચ્છાપોર સુધી રોડની સાઇડમાં ખુલ્લા કટને કારણે ગંભીર અકસ્માતો થઈ રહ્યા છે અને વાહનચાલકોનાં મૃત્યુ થતાં હોવાનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. આવા જોખમી કટ તાત્કાલિક બંધ કરીને અકસ્માતો અટકાવવા તેમણે રજૂઆત કરી હતી. આ ઉપરાંત, ઓલપાડ તાલુકામાં પાણી પુરવઠા વિભાગે કેટલા ભૂગર્ભ સંપ, ઓવરહેડ ટાંકીઓ અને અન્ય જળસંગ્રહ સુવિધાઓનું નિર્માણ કર્યું છે તેની વિગતો માગી હતી

ગુજરાત ગેસ કંપની દ્વારા નવા કનેક્શન મેળવવા માટેની તમામ પ્રક્રિયા પૂર્ણ કરનારા અરજદારોને પણ કનેક્શન આપવામાં આવતાં ન હોવાનો પ્રશ્ન ઉઠાવી યોગ્ય કાર્યવાહી કરવાની માગ કરી હતી. કલેક્ટરે સંબંધિત અધિકારીઓને જરૂરી તાકીદ કરી હતી. કલેક્ટરે સંબંધિત વિભાગોને કાર્યવાહી કરી અહેવાલ રજૂ કરવા સૂચના આપી હતી. બેઠકમાં DDO ડીપી મીના સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રેલવેના કબજાથી લઈને અકસ્માત ઝોન સુધીના પ્રશ્નો

ચોર્યાસીના ધારાસભ્ય સંદીપ દેસાઈએ પાલી-સચિન-કનસાડના ફાઇનલ પ્લોટ નંબર ૨૦૨ના SEWS રિઝર્વેશન પ્લોટ પર રેલવે વિભાગે કરેલા કબજા અને તેના આધાર અંગે સવાલ ઉઠાવ્યો હતો. આ મામલે કલેક્ટરે સુરત મહાનગરપાલિકાના અધિકારીને ઝડપથી તપાસ કરાવવા સૂચના આપી હતી. સંદિપ દેસાઈએ નવા બમરોલી રોડ અને ડીંડોલીના ગુરુદત્ત પોઇન્ટ પરની જેટકોની ૬૬ કે.વી.ની ઓવરહેડ હાઈટેન્શન લાઇન ભૂગર્ભમાં ઉતારવાની માગ કરી હતી. નેશનલ હાઈવે પર દીપલી અને દામકા ગામ નજીક અકસ્માતો અટકાવવા સ્પીડ બ્રેકર બનાવવા, ભીમપોરના શબરીધામ પાસે કુદરતી તળાવનું વિસ્તૃતિકરણ અને બ્યુટિફિકેશન કરવા તથા ગાયપગલા તીર્થધામ ખાતે વનકુટીર બનાવવાની રજૂઆત પણ કરી હતી. ડુમસના જલારામ મંદિર પાસે પાળેથી નીચે ઉતરવા પગથિયાં બનાવવાની માગ પણ કરવામાં આવી હતી.

સરકારે સબસિડી ઘટાડતા ખાતરની થેલીમાં રૂ.500નો તોતિંગ વધારો

ખેડૂતોને પોટાશની થેલી પર માત્ર 71.40, સલ્ફેટની થેલી પર 473 અને NPKની થેલી પર 1711 રૂપિયા સબસીડી થઈ

રવિ પાકના ખેડૂતો પર ખર્ચનું ભારણ વધ્યું.કૃષિ મંત્રીને સબસિડી વધારવા રજૂઆત

સુરતઃ રવિ પાકની સિઝન શરૂ થવા પૂર્વે ખાતરના ભાવમાં થયેલા વધારાથી ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. સરકાર દ્વારા ખાતર પરની સબસિડીમાં ઘટાડો કરવામાં આવતાં પોટાશ, સલ્ફેટ અને NPK ખાતરની ખરીદી ખેડૂતો માટે વધુ મોંઘી બની છે. ખાતરની એક થેલી પાછળ આશરે રૂ.500 સુધીનો વધારાનો ખર્ચ ખેડૂતોને ભોગવવો પડે તેવી સ્થિતિ સર્જાતાં રવિ પાકના ઉત્પાદન ખર્ચમાં વધારો થવાની ભીતિ છે.

ખેડૂત અને સહકારી આગેવાન જયેશભાઈ પટેલ (દેલાડ)એ આ મુદ્દે કૃષિ મંત્રીને પત્ર લખીને પોટાશ, સલ્ફેટ અને NPK ખાતર પરની સબસિડી વધારવાની માંગ કરી જણાવ્યું છે કે નાના અને સીમાંત ખેડૂતો પહેલેથી જ ખેતીના વધતા ખર્ચનો સામનો કરી રહ્યા છે. આવી સ્થિતિમાં ખાતરની એક થેલી પર રૂ.500 જેટલો ભાવવધારો તેમના માટે સહન કરવો મુશ્કેલ બનશે. રૂ.2,271.40ની પોટાશ ખાતરની થેલી પર માત્ર રૂ.71.40ની સબસિડી મળે છે. જ્યારે રૂ.1,873.95ની સલ્ફેટ ખાતરની થેલી પર રૂ.473 અને રૂ.4,161ની NPK ખાતરની થેલી પર રૂ.1,711ની સબસિડી આપવામાં આવે છે. ખાતરના ભાવ અને સબસિડી વચ્ચેના આ તફાવતને ધ્યાનમાં રાખીને તેમણે ખેડૂતોને રાહત આપવા માટે સબસિડીમાં વધારો કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

વર્ષ 2014થી 2026 દરમિયાન ખેડૂતો પર ભારણ

ખાતર	2014	2020	2026નો ભાવ
પોટાશ	840	950	2200
ડી.એ.પી.	1181	1200	1350
સ.સલ્ફેટ	526.24	656	1400
નર્મદા ફોર્સ	785.50	900	1550
ASP	852.36	1185	2450
NPK	1097	1175	2450
યુરિયા	313.50	266.50	266.50

ખાતરની થેલીની મૂળ કિંમત સામે સબસિડી કેટલી રહી?

ખાતર	થેલી કિંમત	સબસિડી (રૂ.)
ડી.એ.પી.	2839.30	1639.30
પોટાશ	2271.40	71.40
NPK	4161.87	1711.87
સલ્ફેટ	1873.95	473.95
ASP	3271.30	1021.30
નર્મદા ફોર્સ	2550.80	1080.50
યુરિયા	4181	3914.50
IPL	3069.65	819.65
10-26-26	4161.87	1711.87
મહાદાન NPK	3647.05	1147.05

સામી દિવાળીએ સુરતના બે મળી ગુજરાતમાં 6 TDOની બદલી

માંગરોળના હરદીપસિંહ ધરિયા સિદ્ધપુર અને અંબિકાના ડૉ. પી.એસ. આસોડિયા આહવા મુકાયા; માંગરોળમાં સિદ્ધપુરના વિજયસિંહ પરમારની નિમણૂક

સુરતઃ દિવાળી પર્વ પૂર્વે રાજ્ય સરકારે છ તાલુકા વિકાસ અધિકારીઓની તાત્કાલિક અસરથી બદલીના આદેશ કર્યા છે. 17 ઓક્ટોબરે જાહેર કરાયેલા સત્તાવાર નોટિફિકેશનમાં સુરત જિલ્લાના બે તાલુકા વિકાસ અધિકારીઓનો સમાવેશ થતાં સ્થાનિક વહીવટી તંત્રમાં પણ ફેરફાર થયો છે.

માંગરોળ તાલુકા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવતા હરદીપસિંહ છત્રસિંહ ધરિયાની પાટણ જિલ્લાના સિદ્ધપુર તાલુકા વિકાસ અધિકારી તરીકે બદલી કરવામાં આવી છે. તેમના સ્થાને સિદ્ધપુરના તાલુકા વિકાસ અધિકારી વિજયસિંહ બાબુસિંહ પરમારને માંગરોળની જવાબદારી સોંપવામાં આવી છે. આમ, બંને અધિકારીઓની અરસપરસ બદલી કરવામાં આવી છે. બીજી તરફ, મહુવા તાલુકામાંથી વિભાજન બાદ રચાયેલા નવા અંબિકા તાલુકામાં તાલુકા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવતા ડૉ. પી.એસ. આસોડિયાની ડાંગ જિલ્લાના આહવા તાલુકા વિકાસ અધિકારી તરીકે બદલી કરાઈ છે.

જોકે, અંબિકા તાલુકામાં તેમના સ્થાને નવા અધિકારીની નિમણૂક અંગેના આદેશમાં કોઈ ઉલ્લેખ નથી. આ ઉપરાંત ખેડા જિલ્લાના મહેમદાબાદ, અમરેલી જિલ્લાના બગસરા અને વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના તાલુકા વિકાસ અધિકારીઓની પણ અન્યત્ર બદલી કરવામાં આવી છે.

તહેવાર પૂર્વે એકસાથે છ અધિકારીઓની બદલીના આદેશથી તાલુકા સ્તરે વહીવટી જવાબદારીઓમાં ફેરફાર થયો છે. હવે સંબંધિત તાલુકાઓમાં નવા અધિકારીઓની કામગીરી અને ચાર્જ હસ્તાંતરણ પર નજર રહેશે.

18 અને 20 ઓક્ટોબરે 2 કલાકનો મેગા બ્લોક

ભરૂચ-સુરત મેમુ કેન્સલ, 13 ટ્રેન લેટ દોડશે

સુરતઃ સુરત નજીક આવેલા ઉત્રાણ સ્ટેશનને સેટેલાઈટ સ્ટેશન તરીકે વિકસાવવાની કામગીરી હેઠળ યાર્ડ રિમોડેલિંગ અને નવી ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ (EI)નું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. આ કામને લઈને વડોદરા ડિવિઝન દ્વારા બે દિવસ મેગા બ્લોક જાહેર કરાયો છે.

અપ-ડાઉન ક્રોસઓવરની ફિટનેસ માટે 18 ઓક્ટોબર (શનિવાર) અને 20 ઓક્ટોબર (સોમવાર)ના રોજ બપોરે 11:50 થી 13:50 સુધી બે કલાકનો કોમન બ્લોક અપ અને ડાઉન બંને લાઈન પર લેવામાં આવશે. બ્લોકને કારણે ટ્રેન વ્યવહાર પર સીધી અસર પડશે. બંને દિવસે ટ્રેન નં. 69198 ભરૂચ - સુરત મેમુ ભરૂચ અને સુરત વચ્ચે સંપૂર્ણપણે કેન્સલ રહેશે.

આ ઉપરાંત અનેક લાંબા અંતરની ટ્રેનોને વડોદરા ડિવિઝનમાં રેગ્યુલેટ કરવામાં આવશે. 18 ઓક્ટોબરે 09002 બનાવ- મુંબઈ સેન્ટ્રલ, 22210 નિઝામુદ્દીન- મુંબઈ સેન્ટ્રલ, 12472 શ્રી વૈષ્ણોદેવી- બાંદ્રા, 20668 કોપરગાંવ- યશવંતપુર, 16613 રાજકોટ- કોઈમ્બતુર, 00907 કાકિનાડા- સાયનગર, 01484 નિઝામુદ્દીન- પુણે અને 19016 પોરબંદર- દાદર સહિતની 8 ટ્રેનો 1 કલાક 20 મિનિટથી લઈને 1 કલાક 50 મિનિટ સુધી લેટ દોડશે. તેવી જ રીતે 20 ઓક્ટોબરે 22195 વીરાંગના લક્ષ્મીબાઈ- બાંદ્રા, 19560 ઓખા- તિરુપતિ, 05033 ગોંડા- ભેસ્તાન, 19016 પોરબંદર- દાદર અને 20968 પોરબંદર- સિકંદરાબાદ સહિતની ટ્રેનો 35 મિનિટથી 1 કલાક 25 મિનિટ સુધી રેગ્યુલેટ થશે. અન્ય લેટ ચાલતી ટ્રેનોને પણ જરૂરિયાત મુજબ રેગ્યુલેટ કરવામાં આવી શકે છે.

સુરતમાં રોજ ટ્રેનોમાંથી મોટાપાયે ઠલવાય છે દારૂનાં અનેક પાર્સલો

ટ્રેનદીઠ પોલીસના હપ્તા નક્કી, આઈજીની નવી સ્પેશિયલ સ્ક્વોડ પર મીટ

રોજે રોજ વાપીથી સુરત સુધી ટ્રેનોમાં દારૂનું કટિંગ અને હપ્તાકીય વહીવટ ખુલ્લેઆમ

સુરતઃ વાપી, વલસાડ, પારડી, સેલવાસ, ઉમરગામ, ઉદવાડા, ગોલવાડ તેમજ ગોવા જેવા વિસ્તારોમાંથી ટ્રેનો મારફતે સુરતમાં મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો ઉતારવામાં આવી રહ્યો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, સુરતમાં રેલ રૂટ દ્વારા અંદાજે 12 જેટલા કુખ્યાત બુટલેગરો દારૂ મંગાવી રહ્યા છે. આ ગેરકાયદે ધંધામાં એક ટ્રેનમાં 4 પાર્સલના કટિંગ પેટે પોલીસનો હપ્તો 50,000 રૂપિયા અને વાપીથી સુરત વચ્ચે આખી ટ્રેનનો હપ્તો 1 લાખ રૂપિયા સુધી નક્કી હોવાની જોરશોરથી ચર્ચા ચાલી રહી છે.

રેલવે સ્ટેશનો પર સીસીટીવી કેમેરા હોવા છતાં માલ ચઢાવનાર કે ઉતારનાર શખ્સો પોલીસ પકડથી દૂર રહે છે, જેના કારણે રેલવે પોલીસ, આરપીએફ (RPF) અને જીઆરપી (GRP) ની મિલીભગત હોવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે.

RPFના મહાનિરીક્ષકને ફરિયાદ: ભ્રષ્ટ અધિકારીઓને હટાવવા માંગ

આ સમગ્ર મામલે ઝેડઆરયુસીસીના પૂર્વ સભ્ય કલ્પેશ બારોટે આરપીએફના મહાનિરિક્ષક અજય સતાનીને વિગતવાર ફરિયાદ કરી છે. સાથે તેમણે વાપી, વલસાડ, ઉધના અને સુરત ખાતેથી જીઆરપી, આરપીએફ અને રેલવે પોલીસના ભ્રષ્ટ અધિકારીઓ તથા કર્મચારીઓને તાત્કાલિક અસરથી દૂર કરવાની માંગણી પણ કરી છે.

દારૂની હેરફેર માટેની 15 કુખ્યાત ટ્રેનો

» જોધપુર એક્સપ્રેસ » અવધ એક્સપ્રેસ » વેરાવળ એક્સપ્રેસ » હરિદ્વાર એક્સપ્રેસ » ભરૂચ મેમુ » સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસ » ભિલાડ-વડોદરા એક્સપ્રેસ » સયાજીનગરી એક્સપ્રેસ » અમદાવાદ લોકલ » સુરત ઇન્ટરસિટી લોકલ » ફ્લાઈંગ રાણી » જયપુર સુપરફાસ્ટ » અવંતિકા સુપરફાસ્ટ » લોકશક્તિ એક્સપ્રેસ

દિવાળી પહેલાં ગ્રામ્ય રસ્તાઓની મરામતની કામગીરીને વેગ

પંચાયત માર્ગ-મકાન વિભાગે 56 કિમી રસ્તા પર પેચવર્ક કર્યું, 18 કિમીમાં જંગલ કટિંગ અને 10 કિમીમાં વૃક્ષોનું રંગકામ પૂર્ણ

રસ્તાઓની મરામત થતાં ગ્રામ્ય વિસ્તારોમાં અવરજવર સરળ બનશે

સુરતઃ દિવાળીના તહેવાર દરમિયાન ગ્રામ્ય વિસ્તારોમાં વાહનવ્યવહાર સુગમ રહે તે માટે માર્ગ અને મકાન પંચાયત વિભાગ દ્વારા વરસાદને કારણે ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તાઓની મરામતની કામગીરી હાથ ધરવામાં આવી છે.

તહેવાર પહેલાં રસ્તાઓને વાહનચાલકો માટે વધુ સુગમ બનાવવાના પ્રયાસોના ભાગરૂપે વિભાગ હેઠળના તમામ તાલુકાઓમાં પેચવર્ક સહિતની કામગીરી કરવામાં આવી રહી છે.

વિભાગ દ્વારા અત્યાર સુધીમાં કુલ 56 કિલોમીટર લંબાઈના રસ્તાઓ પર પેચવર્કની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આ ઉપરાંત રસ્તાઓની આસપાસની વનસ્પતિ દૂર કરવા માટે 18 કિલોમીટર લંબાઈમાં જંગલ કટિંગ કરવામાં આવ્યું છે. જ્યારે 10 કિલોમીટર લંબાઈમાં વૃક્ષોનું રંગકામ પણ પૂર્ણ કરાયું છે.

ચોમાસા દરમિયાન ભારે વરસાદને કારણે ગ્રામ્ય માર્ગો પર ખાડા પડવા અને રસ્તાઓને નુકસાન થવાની સમસ્યા ઊભી થઈ હતી. આવા રસ્તાઓની મરામત થવાથી ગ્રામ્ય વિસ્તારોમાં અવરજવર સરળ બનશે અને વાહનચાલકોને પડતી મુશ્કેલીમાં ઘટાડો થશે. ખાસ કરીને દિવાળીના તહેવારમાં ખરીદી, સામાજિક મેળાવડા અને અવરજવરમાં વધારો થતો હોવાથી રસ્તાઓની મરામતનું મહત્ત્વ વધ્યું છે.

એકતાનગરમાં 'એકતા પ્રકાશ પર્વ-૨૦૨૬'નો CMના હસ્તે પ્રારંભ

ગાંધીનગરઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતાનગર ખાતે 'એકતા પ્રકાશ પર્વ-૨૦૨૬'નો પ્રારંભ કરાવ્યો છે, જે ૧૫ જાન્યુ. ૨૦૨૭ સુધી ચાલશે. આશરે ૭.૬ કિમી વિસ્તારમાં ઈન્ડોર અને આઉટડોર એમ બે વિભાગોમાં ભવ્ય આયોજન કરવામાં આવ્યું છેઃ ઈન્ડોર વિભાગમાં ઉત્તર, પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ ભારતના ચાર પ્રાદેશિક ઝોન દ્વારા દેશની લોકકલા, સ્થાપત્ય અને પરંપરાઓ આકર્ષક પ્રકાશ રચનાઓથી રજૂ કરાઈ છે. જ્યારે આઉટડોર વિભાગમાં 'ભારત - સોને કી ચીડિયા', 'સમય કા ચક્ર', યોગ, નારીશક્તિ, આધુનિક ભારત અને સુરક્ષા દળોની શૌર્યગાથા જેવી ૧૧ મુખ્ય થીમ્સ દર્શાવવામાં આવી છે.

અનુસંધાન... પાના છેલ્લાનું

વાગરાની...

કંપનીમાં હાઈડ્રોજીનેશનની પ્રક્રિયા ચાલી રહી હતી. દરમિયાન અચાનક પ્રચંડ વિસ્ફોટ થયો હતો. બ્લાસ્ટ એટલો ભયાનક હતો કે તેનો અવાજ આશરે 15 કિલોમીટર દૂર સુધી સંભળાયો હતો. વિસ્ફોટની તીવ્રતા એટલી વધારે હતી કે કંપનીથી આશરે 200 મીટર દૂર ઊભેલા ટ્રેક્ટરનું ટાયર પણ ફાટી ગયું હતું અને આસપાસની કંપનીઓનાં સ્ટ્રક્ચર પણ હલી ઊઠ્યાં હતાં. પ્લાન્ટમાં મશીનરીના વિવિધ ભાગો વેરવિખેર થઈ ગયા હતા. DYSP ડૉ.અનિલ સીસારાએ જણાવ્યું હતું કે, સાયખા જીઆઈડીસીની સિનઝીલ ફાર્મા કંપનીમાં રાત્રે આગ લાગવાની માહિતી મળતાં પોલીસ કાફલો તુરંત સ્થળ પર પહોંચ્યો હતો અને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યા હતા. આ દુર્ઘટનામાં 5 લોકોનાં મોત નીપજ્યાં છે અને અન્ય 5 લોકો દાઝતાં ઈજાગ્રસ્ત થયા છે. વાગરા પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોતનો ગુનો નોંધીને ફાયર, એફએસએલ અને ડિશ (DISH) વિભાગ સહિતની ટીમો દ્વારા આગ લાગવાના ચોક્કસ કારણ અંગે તપાસ ચાલુ છે.

મૃતકોના પરિવારજનોને...

રજૂઆત બાદ કલેક્ટરે કંપનીના સંચાલકો સાથે બેઠક યોજી હતી. બેઠક દરમિયાન કંપની તરફથી મૃતકના પરિવારજનોને રૂ.૫૦ લાખ ઉપરાંત અન્ય મળવાપાત્ર રકમ સહિત કુલ રૂ.૭૫ લાખનું વળતર ચૂકવવા અંગે લેખિત બાંયધરી આપવામાં આવી હોવાનું જણાવાયું છે. ઉપરાંત દુર્ઘટનામાં જીવ ગુમાવનાર શ્રમિકના પરિવારના એક સભ્યને કંપનીમાં નોકરી આપવા અંગે પણ કંપની દ્વારા બાંયધરી આપવામાં આવી છે.

કાર્યપાલક...

અસંતોષ વ્યક્ત કરવામાં આવ્યો છે. તેમનું કહેવું છે કે જો સમયસર હપ્તો ન આપવામાં આવે તો પ્રોજેક્ટ્સ અટકાવી દેવામાં આવે છે અથવા બિલ પાસ કરવામાં અકારણ વિલંબ કરવામાં આવે છે. કોન્ટ્રાક્ટરો દ્વારા જ્યારે પણ તેમની સમસ્યા મામલે આ IAS ડે.કમિ.ને રજૂઆતો કરવામાં આવે છે ત્યારે આ IAS અધિકારી પણ પોતાના કાર્યપાલકે જે કર્યું છે તે બરાબર છે તેવું કહી દીધું હતું. જેને કારણે સુરત મનપાના વહીવટી વર્તુળોમાં ભારે ખળભળાટ મચી ગયો છે. પાલિકાના ઉચ્ચ અધિકારીઓ અને શાસકોની છબી પણ આના કારણે ખરડાઈ રહી છે. આ પ્રકારના ગંભીર આક્ષેપો બાદ હવે શહેરીજનો અને જાગૃત નાગરિકો દ્વારા માંગ કરવામાં આવી રહી છે કે સ્ટેટ વિજિલન્સ કે એન્ટિ કરપ્શન બ્યુરો દ્વારા આ મામલે તટસ્થ તપાસ કરવામાં આવે. જો ખરેખર કોઈ ઉચ્ચ અધિકારી કે તેમના નામે વહીવટ સંભાળતા ઈજનેર દ્વારા આ પ્રકારે ગેરરીતિ આચરવામાં આવતી હોય, તો સંડોવાયેલા તમામ વ્યક્તિઓ સામે કડકમાં કડક દાખલારૂપ પગલાં લેવા જોઈએ.

બ્લાસ્ટને કારણે દૂર દૂર સુધી ધ્રૂજારી અનુભવાઈ

દુર્ઘટનાના કારણે આસપાસના વિસ્તારમાં ભયનું વાતાવરણ સર્જાયું હતું. સ્થાનિક રહેવાસીઓએ જણાવ્યું કે, વિસ્ફોટની ગંભીરતા એટલી વધારે હતી કે દૂર દૂર સુધી ધ્રૂજારી અનુભવાઈ હતી. સત્તાવાળાઓ દ્વારા ઘટનાની ગંભીરતા અને મૃત્યુ આંક અંગે વિરોધાભાસી માહિતી મળી રહી હોવાની સ્થાનિકો દ્વારા શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. પોલીસ દ્વારા તપાસ ચાલુ છે અને ટૂંક સમયમાં ઘટનાનાં સાચાં કારણો અને પરિણામો સામે આવે તેવી શક્યતા છે.

સુરતમાં પહેલી...

1975માં શેરીઓમાં માત્ર ગરબા ગવડાવવાના અને ગાવાનો જ રિવાજ હતો. દાંડિયા રાસ તો તે સમયે સ્વપ્ન સમાન હતું. તે સમયે મૂળ પાલનપુરના અરવિંદ વસંતલાલ શાહ અને તેમના ગ્રુપે 1975માં સુરતમાં ઓરકેસ્ટ્રા પર ગરબાની પહેલ કરી હતી. પહેલા ગરબા પીરછડી રોડ ઉપર યોજાયા હતાં. આ અંગે વિશા શ્રીમાળી ઓસવાલ સમાજના મૂળ પાલનપુરના કુંભાસણગામના નિવાસી અરવિંદ વસંતલાલ શાહે જણાવ્યું હતું કે, મુંબઇ જૈન સ્વયંસેવક મંડળમાં બધા જ ઇન્સ્ટ્રુમેન્ટ પ્લેયર હતા. તેમના દ્વારા પહેલા પીરછડીરોડ દાદાવાડી જૈન મંદિર પાસે કરાવ્યા હતાં. ત્યારબાદ સોનીફળિયા બોમ્બેહાઉસ પાસે સળંગ ત્રણ વર્ષ અને ત્યારબાદ કાજીના મેદાનમાં આવું જ આયોજન કરવામાં આવ્યું હતું. ફક્ત સંગીત પ્રત્યેના લગાવ માટે તેમણે પોતાના ખર્ચે તે સમયે આ આયોજન કર્યા હતાં. અરવિંદભાઇનું હુલામણું નામ અરવિંદ પીપુડી હતું અને તેઓ બોમ્બેહાઉસમાં જ રહેતા હતા. તે સમયે સ્ટેજ નહીં પણ ઓટલા ઉપર ઇન્સ્ટ્રુમેન્ટ વગાડવા માટે બેસતા હતાં.

ટર્મિનલ શરૂ...

વિચારણા હેઠળ હેઠળ છે.' સુરતના જાગૃત નાગરિકે જણાવ્યું હતું કે, 'સુરત એરપોર્ટના ટર્મિનલના પ્રથમ માળે આગ કે અન્ય કટોકટીની સ્થિતિમાં મુસાફરોને બહાર કાઢવા માટે ઈમરજન્સી એક્ઝિટ રૂટ અને સીડીની વ્યવસ્થા ઊભી કરવા અંગેની રજૂઆતના જવાબમાં એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ જણાવ્યું છે કે, સીડી બનાવવાનો મુદ્દો બ્યુરો ઓફ સિવિલ એવિએશન સિક્યુરિટી સાથે પરામર્શ કરીને વિચારણા હેઠળ છે. એરપોર્ટ ઓથોરિટીના ઈતિહાસમાં BCAS સાથેની વિચારણા હેઠળનો આ સૌથી લાંબો મામલો છે, જેમાં ત્રણ વર્ષથી માત્ર વિચારણા જ થઈ રહી છે. નિર્ણય શક્તિ દર્શાવાઈ નથી. સુરતના જાગૃત નાગરિકને વિચારણા ચાલી રહી હોવાનો આ જવાબ સુરત એરપોર્ટના જાહેર ફરિયાદ અધિકારી દ્વારા એરપોર્ટ ડિરેક્ટર વતી આપવામાં આવ્યો છે. અગાઉ જાગૃત નાગરિકે ટર્મિનલના પ્રથમ માળે આગ અથવા કટોકટીની સ્થિતિમાં મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે ઈમરજન્સી ઈવેક્યુએશન રૂટ દર્શાવવા અને તેની વ્યવસ્થા કરવાની માગ સાથે રજૂઆત કરી હતી.પત્રમાં સીડી બનાવવાની મંજૂરી મળી ગઈ હોવાની કે કામ શરૂ થવાની કોઈ સ્પષ્ટ ખાતરી આપવામાં આવી નથી. મુદ્દો હાલ BCAS સાથે ચર્ચા અને વિચારણા હેઠળ હોવાનું જણાવાયું છે. અરજદારે ઈમરજન્સી એક્ઝિટનો માર્ગ ખુલ્લો કરવા માટે આશરે 120 ચોરસ મીટર વ્યાપારી કે ફૂડ-એન્ડ-બેવરેજિસ જગ્યા દૂર કરવાની જરૂર હોવાની માહિતી છે. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો કે મુસાફરોની સુરક્ષા સામે જોખમ હોવા છતાં હાલની વ્યવસ્થા ચાલુ રાખવાની મંજૂરી કોણે આપી છે. વર્ષે આશરે 15 લાખ મુસાફરોની અવરજવર ધરાવતા સુરત એરપોર્ટ પર મુસાફરોની સુરક્ષાને વ્યાપારી હિતો કરતાં પ્રાથમિકતા આપવાની માગ સાથે તેમણે હાલની ઈમરજન્સી વ્યવસ્થા, માર્ગ ખુલ્લો ન કરવાનું કારણ અને નિયમોને અનુરૂપ ઉકેલ અમલમાં મૂકવાની સમયમર્યાદા અંગે સ્પષ્ટ અને મુદ્દાવાર જવાબ આપવા રજૂઆત કરી છે.

પેસેન્જર સેફ્ટીને...

એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (AAI) સમક્ષ ગંભીર સવાલો ઉઠાવ્યા છે. AAI દ્વારા સીડી સુધી પહોંચવાનો માર્ગ બનાવવાની દરખાસ્ત BCAS (બ્યુરો ઓફ સિવિલ એવિએશન સિક્યોરિટી) સાથે વિચારણા હેઠળ હોવાનું જણાવાયું હતું. તેના જવાબમાં અરજદારે જણાવ્યું કે, ટર્મિનલ શરૂ થયાને લગભગ ત્રણ વર્ષ વીતી ગયા હોવા છતાં માર્ગ ખુલ્લો કરાયો નથી. તેમણે સવાલ કર્યો કે BCASના વાંધાને કારણે સૂચિત માર્ગ ઉપલબ્ધ ન હોય તો પ્રથમ માળેથી આગ કે અન્ય કટોકટીના સમયે મુસાફરોને બહાર કાઢવા માટે વૈકલ્પિક વ્યવસ્થા કઈ છે? તેની ચોક્કસ જગ્યા અને મંજૂર નકશો જાહેર કરવાની પણ માગ કરી છે.

ચોમાસા બાદ...

અસર કરી શકે છે. આ હવામાન પ્રણાલીની સંભવિત અસરને પગલે દક્ષિણ ગુજરાતમાં પણ વાતાવરણમાં ફેરફાર થવાની શક્યતા છે. આગામી દિવસોમાં દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડી શકે છે. જોકે, વરસાદની શક્યતા અને તેની તીવ્રતા અંગેની સ્થિતિ આગામી હવામાન અપડેટ્સ બાદ વધુ સ્પષ્ટ થશે.

લિફ્ટ માટે...

સુરતમાં રહી મજૂરી કરીને ગુજરાન ચલાવે છે. દંપતીને કુલ ત્રણ સંતાનો છે. સૌથી મોટી દીકરી રાજસ્થાનમાં રહે છે, જ્યારે અલ્કેશ અને રીટા માતા-પિતા સાથે બાંધકામ સાઈટ પર રહેતાં હતાં. ગત મોડીસાંજે દંપતી સાઈટ પર મજૂરીકામમાં વ્યસ્ત હતું. આ દરમિયાન બંને બાળકો નજીકમાં રમતાં હતાં. રમતાં-રમતાં તેઓ લિફ્ટ માટે ખોદવામાં આવેલા ઊંડા ખાડા પાસે પહોંચી ગયાં હતાં. ખાડામાં પાણી ભરેલું હોવાથી જોખમનો અંદાજ ન આવતાં બંને બાળકો તેમાં ખાબક્યાં હતાં. બાળકો ખાડામાં પડ્યાની જાણ થતાં માતા-પિતા અને અન્ય મજૂરો તાત્કાલિક દોડી આવ્યા હતા. બંનેને પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યાં હતાં, પરંતુ ડૂબી જવાથી તેમનાં મોત થયાં હતાં. બે સંતાનો ગુમાવતાં પરિવાર પર આભ તૂટી પડ્યું છે.

ઉકાઈ ડેમ...

રાજ્યમંત્રી ઈશ્વરસિંહ પટેલની અધ્યક્ષતામાં અઠવાલાઈન્સ સ્થિત સુરત સિંચાઈ વર્તુળની કચેરીમાં ઉકાઈ-કાકરાપાર યોજનાની સિંચાઈ સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં ધારાસભ્યો ઈશ્વરભાઈ પરમાર અને મોહનભાઈ ઢોડિયા સહિત સિંચાઈ મંડળીઓના પ્રતિનિધિઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આગામી ખરીફ, રવિ અને ઉનાળુ સિઝનમાં બંને કાંઠાની નહેરો મારફતે છોડવાના પાણી અંગે ચર્ચા કરીને રોટેશન નક્કી કરવામાં આવ્યાં હતાં. રાજ્યમંત્રી ઈશ્વરસિંહ પટેલે ઓછા વરસાદને કારણે સંભવિત પાણીની અછતને પહોંચી વળવા સહિયારા પ્રયાસો કરવા અપીલ કરી હતી. તેમણે બિનજરૂરી પાણીનો વેડફાટ અટકાવવા, વહેતા પાણીનો સંચય અને પુનઃવપરાશ કરવા તેમજ વરસાદી પાણીનો સંગ્રહ વધારી ભૂગર્ભ જળસ્તર ઊંચું લાવવા ભાર મૂક્યો હતો. બદલાતી વૈશ્વિક પરિસ્થિતિઓ વચ્ચે પાણીની સંભવિત કટોકટી નિવારવા પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ અનિવાર્ય હોવાનું તેમણે જણાવ્યું હતું.

ભેસ્તાનમાં...

થતું હોવાની બાબત બોર્ડના ધ્યાને આવી હોવાનું જાણવા મળ્યું છે. આ અંગેનો રિપોર્ટ જીપીસીબી દ્વારા ગાંધીનગર મોકલી આપવામાં આવ્યો છે. આગામી દિવસોમાં મિલ સામે કાર્યવાહી થવાની શક્યતા છે. ઔદ્યોગિક એકમોમાં રંગકામની પ્રક્રિયા દરમિયાન નીકળતા પાણીમાં કેમિકલ અને અન્ય પ્રદૂષકો હોઈ શકે છે. આવા પાણીનો નિયમો મુજબ શુદ્ધિકરણ કર્યા વિના ડ્રેનેજ લાઇનમાં નિકાલ કરવામાં આવે તો પર્યાવરણ અને જાહેર આરોગ્ય સામે જોખમ ઊભું થઈ શકે છે. મિલ પાસે જરૂરી પર્યાવરણીય મંજૂરી છે કે નહીં અને પ્રદૂષિત પાણીના નિકાલ માટે કાયદેસરની વ્યવસ્થા કરવામાં આવી હતી કે નહીં, તે તપાસના મહત્ત્વના મુદ્દા બન્યા છે. જીપીસીબીના ધ્યાને આવેલી બાબતોના આધારે તૈયાર કરાયેલો રિપોર્ટ ગાંધીનગર મોકલવામાં આવ્યો હોવાથી હવે ઉચ્ચ સ્તરે આગળની કાર્યવાહી અંગે નિર્ણય લેવાય તેવી શક્યતા છે. બીજી તરફ કેમિકલયુક્ત પાણી સેન્ટ્રોમ ડ્રેનેજ લાઇનમાં છોડાતું હોવાની ફરિયાદને પગલે સુરત એસએમસીએ સંબંધિત ચેમ્બરને સીલ કરી છે.

ઘટના બની...

નથી. આ ઘટના બની ત્યારે 17 જણા અંદર હતા. ગેસ એટલો બધો છોડ્યો હતો કે અહીં ઊભા રહેવાની તાકાત નથી. આ મારું 78મું વર્ષ છે, તો હું કેવી રીતે આવી શકું?

કંપની...

પરિબળો સ્પષ્ટ થશે અને બેદરકારી સામે આવનાર સામે કડક કાર્યવાહીની માંગ કરવામાં આવી રહી છે.

સોનીફળિયા...

પીપૂડીએ આવા દાંડિયાની શરુઆત કરી હતી. ત્યારે તેઓ પણ ત્રણ વર્ષ સુધી ગરબા રમ્યા હતાં.

અનુસંધાન... પાના પહેલાનું

કોલકાતાના એક...

ટુકડીઓ તૈનાત કરવામાં આવી હતી. પૂજા પંડાલ હવે મુલાકાતીઓ માટે બંધ કરી દેવામાં આવ્યો છે. અત્યાર સુધી મળેલી માહિતી મુજબ, લગભગ 35 લોકોને MCH લઈ જવામાં આવ્યા છે." પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન સુવેન્દુ અધિકારી અને મુખ્ય સચિવ મનોજ અગ્રવાલ સ્થિતિનો તાગ મેળવવા હોસ્પિટલ પહોંચ્યા હતા. ન્યૂઝ એજન્સી IANS દ્વારા ટાંકવામાં આવેલા પૂજા આયોજક બિકાશ દાસે જણાવ્યું હતું કે, "આ ઘટના કેવી રીતે બની તે હજુ સ્પષ્ટ નથી. હાલમાં અમારો ભાર બચાવ કામગીરી પર છે, અને અમારું પ્રાથમિક કાર્ય ઘાયલોને હોસ્પિટલ લઈ જવાનું છે. સ્ટેટ ફાયર સર્વિસિસ અને સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટની ટીમ સાથે પોલીસ જવાનો ઘટનાસ્થળે હાજર છે. પીડિતો ભીડના દબાણ હેઠળ કચડાઈ ગયા હતા કે નહીં તે હજુ સ્પષ્ટ નથી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ઘટનાને અત્યંત હૃદયદ્રાવક ગણાવી છે. તેમણે મૃતકોના પરિવારજનો માટે 2 લાખ રૂપિયા અને ઘાયલો માટે 50,000 રૂપિયાની વચગાળાની સહાયની જાહેરાત કરી છે. તેમણે 'X' પર લખ્યું, "કોલકાતામાં થયેલી નાસભાગ અત્યંત દુઃખદ છે. જેઓએ પોતાના સ્વજનો ગુમાવ્યા છે તેમની સાથે મારી સંવેદનાઓ છે. ઈજાગ્રસ્તો વહેલી તકે સાજા થાય તેવી પ્રાર્થના. સ્થાનિક વહીવટીતંત્ર પ્રભાવિત લોકોને તમામ શક્ય સહાય પૂરી પાડી રહી છે."

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, જેઓ પશ્ચિમ બંગાળમાં છે, તેમણે તેમના રવિવારના રાજકીય કાર્યક્રમો મુલતવી રાખ્યા છે. તેમણે 'X' પર લખ્યું, "મને ચોરબાગાન સાર્વજનિક દુર્ગા પૂજા પંડાલમાં નાસભાગ પછી અનેક લોકોના મોતની અત્યંત દુઃખદ ખબર મળી છે. મેં આ બાબતે મુખ્ય પ્રધાન શ્રી સુવેન્દુ અધિકારી સાથે વાત કરી છે. આ દુર્ઘટનામાં જેમણે પોતાના પ્રાણ ગુમાવ્યા છે તેમના આત્માની શાંતિ માટે હું પ્રાર્થના કરું છું અને શોકગ્રસ્ત પરિવારજનો પ્રત્યે મારી ઊંડી સંવેદના વ્યક્ત કરું છું. વહીવટીતંત્ર ઘાયલોની ઉત્તમ સારવાર માટે વ્યવસ્થા કરી રહ્યું છે. હોસ્પિટલમાં ઘાયલોની મુલાકાત લેવા માટે હું પશ્ચિમ બંગાળમાં મારા આવતીકાલના તમામ નિર્ધારિત કાર્યક્રમો સ્થગિત કરી રહ્યો છું. હું મા દુર્ગાને પ્રાર્થના કરું છું કે તમામ ઘાયલ વ્યક્તિઓ ઝડપથી સાજા થાય. ભૂતપૂર્વ મુખ્યમંત્રી મમતા બેનરજીએ પણ ઘટના અંગે દુઃખ વ્યક્ત કરી ઇજાગ્રસ્તો ઝડપથી સાજા થાય તે માટે પ્રાર્થના કરી હતી.

ઇન્ટરનેટ સુધી...

વંચિત રાખવું એ અયોગ્ય ગણાશે, તેમ કહેતા કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે સુરક્ષાના ઉપાયો બાળકોના અધિકારો છીનવ્યા વગર તેમની રક્ષા કરનારા હોવા જોઈએ. અદાલતે એવી પણ ચેતવણી આપી હતી કે ઉંમર આધારિત પ્રતિબંધો બાળકોને અનિયંત્રિત અને સંભવિતપણે વધુ ખતરનાક વેબસાઇટ્સ તરફ ધકેલી શકે છે. કોર્ટે જણાવ્યું હતું કે જે બાળકોને ઓનલાઇન લલચાવવામાં આવે છે અથવા ધમકી આપવામાં આવે છે, તેઓ પ્રતિબંધોનું ઉલ્લંઘન કરવા બદલ સજા થવાના ડરથી માતાપિતા કે વિશ્વાસુ વયસ્કોને આવી ઘટનાઓની જાણ કરતા પણ ખચકાઈ શકે છે.

સર્વોચ્ચ અદાલતે NGO 'જસ્ટ રાઈટ્સ ફોર ચિલ્ડ્રન એલાયન્સ'ની અરજી પર આ આદેશ આપ્યો હતો, જેમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર બાળ જાતીય શોષણ અને દુરુપયોગ સામગ્રીના સર્ક્યુલેશનમાં થયેલા ચિંતાજનક વધારાની નોંધ લેવામાં આવી હતી. જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ કે. વિનોદ ચંદ્રનની ખંડપીઠે અદાલતના અગાઉના નિર્ણયોનો સંદર્ભ આપતાં જણાવ્યું હતું કે, ઈન્ટરનેટ શંકા વગર વિચારો, સર્જનાત્મક અભિવ્યક્તિ અને માહિતીનું બજાર છે, અને તેનું મૂલ્ય અમૂલ્ય છે. તે માત્ર તેમાં રહેલી માહિતી માટે જ નહીં, પરંતુ તે વયસ્કો અને બાળકો બંનેને જે સરળ પહોંચ પૂરી પાડે છે તેના માટે પણ કિંમતી છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે તેનો કહેવાનો અર્થ એ નથી કે વય-આધારિત નિયંત્રણો બિલકુલ હોવા જ નહીં જોઈએ. અદાલતે વધુમાં જણાવ્યું હતું કે આપણા બાળકોની સુરક્ષા અને તેમની સ્વતંત્રતા એકબીજાથી વિરુદ્ધ નથી, અને તેઓ બંને મેળવવા માટે હકદાર છે. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે બંધારણની કલમ ૧૯(૧)(એ) હેઠળ વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકારને ક્યારેય ફક્ત બોલવાના અધિકાર પૂરતો સીમિત ગણવામાં આવ્યો નથી, પરંતુ તેને હંમેશાં માહિતી અને વિચારો જાણવાના, મેળવવાના અને આપવાના અધિકાર તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે. આ ઘટનાક્રમ કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને જણાવાયાના બે અઠવાડિયા પછી આવ્યો છે, જેમાં સરકારે 18 વર્ષથી ઓછી વયના બાળકો માટે ઈન્ટરનેટ એક્સેસને મર્યાદિત કરવા માટે IT ઈન્ટરમીડિયરી નિયમોમાં સુધારો કરવાની યોજના બનાવી હોવાનું કહ્યું હતું. તે સુનાવણીના થોડા દિવસો પહેલા, સુપ્રીમ કોર્ટે કેન્દ્રને પૂછ્યું હતું કે શું 18 વર્ષથી ઓછી વયના બાળકોને માતાપિતાની સંમતિ વિના સોશિયલ મીડિયા એકાઉન્ટ બનાવવાની મનાઈ હોવી જોઈએ.

બાળ જાતીય...

આ પ્રકારની કાર્યવાહી કરતા પહેલા મલ્ટિપલ સેફગાર્ડ્સ અને વેરિફિકેશન થવું જરૂરી છે. અદાલતે પ્રાથમિક શાળાના સ્તરથી જ વ્યાપક જાગરૂકતા કાર્યક્રમો અને સંવેદનશીલતા કેળવવાની પણ હાકલ કરી છે. આનો હેતુ બાળકોને ઓનલાઇન જોખમો સમજવામાં મદદ કરવાનો છે અને જ્યારે તેઓ શોષણ કે ધમકીઓનો સામનો કરે ત્યારે તેમને મદદ મેળવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.

કેન્સરની ૧૩૭...

કરી છે, અને આ યાદીને સમયાંતરે અપડેટ કરવામાં આવશે. આ નિર્ણય NPPAની ૨૦૧૯ની પાયલોટ TMR પહેલની સફળતા પર આધારિત છે, જેમાં ૪૨ કેન્સર વિરોધી દવાઓ પર ટ્રેડ માર્જિન ૩૦ ટકા સુધી મર્યાદિત કરવામાં આવ્યું હતું, જેના પરિણામે ૫૨૬ બ્રાન્ડ્સમાં MRPમાં ૯૦ ટકા સુધીનો ઘટાડો થયો હતો. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે આ નવું પગલું કેન્સરની દવાઓની ઘણી મોટી શ્રેણીને આવરી લેવા માટે તે માળખાને વધુ વ્યાપક બનાવે છે. દવા ઉત્પાદકોએ તેમની સત્તાવાર વેબસાઈટ્સ પર સુધારેલી કિંમતોની યાદી પ્રકાશિત કરવી પડશે અને રિટેલર્સ તથા હોસ્પિટલો વચ્ચે તેનો વ્યાપક પ્રચાર કરવો પડશે. તદુપરાંત, રિટેલર્સ અને હોસ્પિટલોએ ૯ નવેમ્બરથી ઘટેલા દરે ભાવ વસૂલવાના રહેશે અને તેમની ફાર્મસીઓમાં સુધારેલી કિંમતો દર્શાવવી પડશે. હોસ્પિટલો, જે કેન્સરની દવાઓનો મોટો હિસ્સો સીધો જ ખરીદે છે, તેમણે પણ તેમની વેબસાઈટ્સ પર નવા દરો અગ્રતાક્રમે દર્શાવવા પડશે અને જમીની સ્તરે સુધારેલા ભાવ લાગુ થાય તે સુનિશ્ચિત કરવાની સીધી જવાબદારી તેમની રહેશે.

અડવાણી દિલ્હીની...

આવ્યા હતા. અડવાણીએ ઘણી વાર બીજેપી અધ્યક્ષ તરીકે સેવા આપી હતી અને 2002થી 2004 સુધી ભારતના નાયબ વડા પ્રધાન હતા. તેમણે એક મેજર રાષ્ટ્રીય રાજકીય શક્તિ તરીકે પક્ષના ઉત્થાનમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

CJP નેતા...

કરવામાં આવી હતી. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, "શાંતિ બોન્ડમાં આપવામાં આવેલી ખાતરીના આધારે તેમને છોડી મુકવામાં આવ્યા હતા. અમે વધુ વિગતો માટે લેખિત આદેશની રાહ જોઈ રહ્યા છીએ." દીપકેને મંદિર માર્ગ પોલીસ સ્ટેશન ખાતે સ્પેશિયલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા અને ચોક્કસ શરતો પર જામીન આપવામાં આવ્યા હતા. જોકે, પોલીસે આ ઘટનાક્રમ અંગે કોઈ નિવેદન બહાર પાડ્યું નથી. કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા માટે પોલીસ સ્ટેશન અને તેની આસપાસ સુરક્ષા સઘન બનાવી દેવામાં આવી હતી.

ઓલ ઇન્ડિયા સ્ટુડન્ટ એસોસીએશનના પ્રમુખ નેહા બોરાને આ પહેલા આજે સવારે જ મુક્ત કરી દેવામાં આવ્યા હતા. પોલીસે જણાવ્યું કે, દિલ્હી પોલીસ એક્ટની કલમ 65 હેઠળ બોરાની અટકાયત સંબંધિત ઔપચારિકતાઓ પૂરી કર્યા બાદ તેમને છોડી મૂકવામાં આવ્યા હતા, જ્યારે દીપકેની ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ 126 અને 170 હેઠળ શાંતિ ભંગ કરવા બદલ એક નવા કેસમાં શુક્રવારે રાત્રે ધરપકડ કરવામાં આવી હતી જેમને આજે મોડેથી જામીન પર છોડવામાં આવ્યા હતા. દરમ્યાન, હવે કોંગ્રેસ ચૂંટણી પંચની એસઆઈઆરની પ્રક્રિયાના વિરોધમાં પહેલી નવેમ્બરે દિલ્હીના રામલીલા મેદાન પર રેલી યોજશે. આ માટે તેને દિલ્હી પોલીસ તરફથી પરવાનગી મળી ગઈ હોવાનું જાણવા મળે છે.

સાંકડા પ્રવેશ...

એજન્સી આઈએએનએસને જણાવ્યું કે, "પ્રવેશદ્વાર ખૂબ જ સાંકડો હતો, અને નિકાસ દ્વાર પણ સાંકડો હતો. આ વિસ્તારમાં કોઈ લાઈટ નહોતી." પંડાલનો એક ભાગ કથિત રીતે નાસભાગ વચ્ચે ધરાશાયી થયો હતો, જેના કારણે વિસ્તારની સાંકડી ગલીઓમાં ભારે ગભરાટ ફેલાયો હતો. સ્થાનિક વ્યક્તિએ બંગાળીમાં આગળ જણાવ્યું, "પ્રવેશદ્વાર પર દોઢ કલાકની લાંબી લાઇન હતી. વરસાદ વરસી રહ્યો હોવાથી લોકો અંદર જવા માટે ઉતાવળા હતા. વિસ્તાર ખૂબ જ સાંકડો હતો. અંધારું હતું. એક પણ લાઈટ નહોતી. અંધારાને કારણે બે લોકો પડી ગયા. એક નાની છોકરી અને છોકરો હતા. હું પણ પડી ગયો." તેમણે ઉમેર્યું, "મેં માંડ માંડ ઊભા થવાની કોશિશ કરી. હું ખૂબ જ ડરી ગયો હતો. છોકરી અને છોકરો બંને ઉપર ઘણા બધા લોકો હતા. આ પરિસ્થિતિમાં ત્યાં કોઈ પોલીસ કે સ્વયંસેવકો નહોતા. કશું જ નહોતું." એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું, "જેવો વરસાદ શરૂ થયો, પંડાલોની બહાર રાહ જોઈ રહેલી ભીડ આગળ ધસી આવી."

શાહે પશ્ચિમ...

ઈજાગ્રસ્તોને મળવા માટે હોસ્પિટલની મુલાકાત લેશે. એક્સ પર પોસ્ટ કરવામાં આવેલા એક સંદેશમાં શાહે જણાવ્યું કે, ''ચોરબાગન સાર્વજનિક દુર્ગા પૂજા પંડાલ ખાતે થયેલી નાસભાગમાં અનેક લોકોનાં મોત થયાંના અત્યંત દુઃખદ સમાચાર મને મળ્યા છે. મેં આ ઘટના અંગે મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારી સાથે વાતચીત કરી છે.'' શાહે દિવંગતોની આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી અને શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી. શાહે જણાવ્યું હતું કે, તંત્ર દ્વારા ઈજાગ્રસ્તોને શક્ય તે શ્રેષ્ઠ તબીબી સારવાર મળી રહે તે માટેની વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે. શાહે લખ્યું, ''હોસ્પિટલમાં ઈજાગ્રસ્તોની મુલાકાત લેવા માટે હું આવતી કાલે પશ્ચિમ બંગાળમાં મારા તમામ નિર્ધારિત કાર્યક્રમો મુલતવી રાખી રહ્યો છું. ઈજાગ્રસ્ત તમામ વ્યક્તિઓ ઝડપથી સાજા થાય તેવી હું મા દુર્ગાને પ્રાર્થના કરું છું.''

ચોરબાગાનમાં...

કોલકાતાની સૌથી જૂની સામૂહિક પૂજાઓમાંની એક એવી આ પૂજા છેલ્લા ૯૧ વર્ષથી દર વર્ષે યોજાતી આવી છે. અહીં દર વર્ષે કલાત્મક સજાવટ અને જુદી જુદી થીમ પર પંડાલ બનાવાય છે. આ વખતની ટીમ બિયોન્ડ સાઉન્ડ હતી એમ જાણવા મળે છે.